# ગાંધીનગર મેટ્રોરેલ યોજના ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થશે

**અમદાવાદ મેટ્રોરેલ ૨૦૨૨ પૂર્ણ થશે : અમદાવાદ મેટ્રોનો ખર્ચ ૧૨૮૦૦ કરોડ થવાનો અંદાજ, ગાંધીનગરમાં વિલંબ થતાં મેટ્રોરેલ પ્રોજેક્ટ પાછળ ૭૦૦૦ કરોડ ખર્ચાશે**




ગાંધીનગર

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રોરેલનો પ્રોજેક્ટ એટલો બધો વિલંબિત થઈ ચૂક્યો છે કે તે હવે ઐતિહાસિક બની રહ્યો છે. અમદાવાદમાં મેટ્રોરેલની યોજના ૨૦૦૩થી વિચારવામાં આવી હતી જેને આજે ૧૭ વર્ષ થયાં છેકામ શરૂ થયા પછી પણ ચાર વર્ષનો અક્ષમ્ય વિલંબ થયો છે. જો કે એવો દાવો કરવામાં આવ્યો છે કે અમદાવાદની મેટ્રોરેલના ૩૨ કિલોમીટરનું કામ બે વર્ષમાં પૂર્ણ થશે અને ૨૦૨૨માં અમદાવાદના મુસાફરો મેટ્રોમાં સફર કરતા હશે.

રાજ્ય સરકારને કેન્દ્રની સીધી સૂચના હતી કે મેટ્રોરેલનું કામ ૨૦૧૮માં પૂર્ણ થઈ જવું જોઈએ પરંતુ અત્યાર સુધીમાં માત્ર છ કિલોમીટરની મેટ્રોરેલ શરૂ થઈ ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૯માં મેટ્રો ટ્રેનમાં બેસીને ચૂંટણી પ્રચાર કરવાના હતા પરંતુ તેમની આ ઈચ્છા અધુરી રહી હતી. ૨૦૦૩માં જ્યારે મેટ્રોરેલનો પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો ત્યારે પ્રોજેક્ટની કોસ્ટ ૩૫૦૦ કરોડ નિર્ધારિત કરવામાં આવી હતી.

બીજી વખત જ્યારે ૨૦૦૭માં વિચાર કર્યો ત્યારે પ્રોજેક્ટ કોસ્ટ ૮૦૦૦ કરોડ થવાની હતી. ૨૦૧૪માં મેટ્રોરેલના પ્રોજેક્ટની કોસ્ટ ૧૦૭૭૩ કરોડ નિર્ધારિત કરવામાં આવી હતી પરંતુ હવે વિલંબ થતાં પ્રોજેક્ટની કોસ્ટ વધીને ૧૨૭૮૭ કરોડ થઈ ચૂકી છે. આ પ્રોજેક્ટમાં જેટલો વિલંબ થાય છે તેટલો ખર્ચ વધી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડીનો આક્રમક મિજાજ

**પારો ૧૧.૨ ડીગ્રી : ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરે છે : મોડી સાંજથી જ સેકટરોની શેરીઓમાં સુનકાર : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૬ ડીગ્રીનો તફાવત**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં ઠંડી ધીમે ધીમે આક્રમક બનતા નગરજનો હવે કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયા છે. આજે ઠંડીનો પારો વધુ ૦.૩ ડીગ્રી ગગડતા સિઝનની સૌથી મહત્તમ ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડીગ્રી રહ્યુ હતુ. આકરી ઠંડીના લીધે સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં સુનકાર જોવા મળે છે. રાત્રિના સમયે નગરજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ જ પસંદ કરે છે. આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૬ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો.

શહેરમાં ગત સપ્તાહના નાટયાત્મક હવામાન પલ્ટા બાદ ઠંડી ગરમીની બેવડી ઋતુની અસરના અંતે હવે ઠંડીનુ જોર ધીમે ધીમે વધી રહ્યુ છે. આજે પણ ઠંડીનો પારો ગગડીને ૧૧.૨ ડીગ્રી પહોંચી જતા નગરજનોએ અસહ્ય કોલ્ડવેવનો અહેસાસ કર્યો હતો. શિયાળાના મોસમમાં અત્યાર સુધીની રેકર્ડબ્રેક ઠંડી નોંધાઈ હતી. શહેરના માર્ગો પર સવારથી જ અવરજવર કરતા નાગરિકો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. કોલ્ડવેવ વધતા નગરના જનજીવન પર તેની સ્પષ્ટ અસર વર્તાઈ રહી છે. સવારના સમયે માર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વધી છે. જયારે મોર્નિંગ વોક પર જતા નાગરિકો પણ આરોગ્ય સુખાકારી માટે અવનવા આરોગ્ય વર્ધક જયુસ પીવાનુ પસંદ કરી રહ્યા છે. જેમાં ગરમ સુપ તેમજ કઠોળ પણ હાલ હોટ ફેવરીટ છે. સવારની ગુલાબી ઠંડીમાં તાજગીસભર વાતાવરણ વચ્ચે નગરની હરિયાળી નિખરી છે. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૦.૩ ડીગ્રી ગગડયો હતો જયારે લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. બીજીતરફ મહત્તમ તાપમાન પણ ૦.૫ ડીગ્રી ઉંચુ આવ્યુ હતુ.ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નજીવી ચઢ ઉતર રહી હતી. જયારે બન્ને તાપમાન વચ્ચે ૧૬ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. આમ ડિસેમ્બરના મધ્યમાં ઠંડીની મોસમ નિખરતા શહેરીજનો કોલ્ડવેવની અસરથી પ્રભાવિત છે.

ઠંડી વધવાની સાથે ઠંડીનુ મોજુ ફરી વળે છે. ઠંડી અસહ્ય બનતા સેકટરોની શેરીઓમાં પણ મોડી સાંજે સુનકાર પ્રવર્તેલો જોવા મળે



છે. નગરના મુખ્યમાર્ગો પરની ચહલ પહલ પણ ઘટી ગઈ છે. જયારે રાત્રિના ૧૦ વાગ્યા બાદ શહેરમાં કરફયુ જેવો માહોલ જોવા મળે છે. શહેરના માર્ગો ઠંડીની અસરથી સુમસામ જોવા મળી રહ્યા છે. આગામી દિવસોમાં ઠંડીનુ જોર હજુ વધવાની સંભાવના છે. ત્યારે કોરોના કાળમાં ઠંડીની આડઅસરથી બચવા માટે નગરજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ વધુ સલાહભર્યુ માને છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. દિવસે દિવસે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. ત્યારે સાંજ ઢળતા જ વાતાવરણમાં

# સ્થાયી સમિતિની આજની બેઠકમાં નવા સમાવિષ્ટ ગામોમાં વિકાસ કામોનો વરસાદ વરસાવશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરની હદ વધારવામાં આવ્યા બાદ આ ગ્રામીણ વિસ્તારમાં માર્ગ ઉપરાંત વિકાસના કામો માટે રૂ. ૪૯ કરોડ જેટલી જંગી રકમ ફાળવવા અંગે આજે સ્થાયી સમિતિની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ્યની આવી રહેલી ચૂંટણીને નજર સમક્ષ રાખી આ કામોને સ્થાયી સમિતિની બેઠકમાં સમાવવામાં આવ્યાની રાજકીય ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં શરૂ થઈ ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે રૂ. ૧૦ કરોડ જેટલી જંગી રકમ આ ગ્રામીણ વિસ્તારોના માર્ગોના દુરસ્તીકરણ માટે ફાળવવામાં આવનાર છે. આ ઉપરાંત તળાવ, બગીચા, સ્મશાન, લાયબ્રેરી અને ટાઉનહોલ જેવી સુવિધાઓ માટે ૩૯ કરોડ રૂ.નું આયોજન કરવામાં આવ્યુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે સ્થાયી સમિતિની બેઠક પૂર્ણ થયા બાદ આ કામો માટેની ગ્રાન્ટ માટે મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને ખાસ દરખાસ્ત કરવામાં આવશે. આ અંગેની બેઠકો પણ અધિકારીકક્ષાએ પૂરી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચદેવ મંદિર પાસે ફુટપાથ પર પાંજરામાં કેદ ૩૧ પક્ષીઓને વનતંત્રએ નવી ઉડાન આપી

**પક્ષીઓનુ વેચાણ કરતા દહેગામના શખ્સ વિરુધ્ધ વનતંત્રએ કાર્યવાહી હાથ ધરી**

ગાંધીનગર તા ૧૮

સે-૨૨ પંચદેવ મંદિર નજીકની ફુટપાથ પર આજે પાંજરામાં કેદ થયેલા પક્ષીઓનુ વેચાણ કરતા ઈસમને વનતંત્રએ દબોચી લીધો હતો. જો કે આ પક્ષીઓ વનવિભાગની કોઈ કેટેગરીમાં સામેલ ન થતા હોવાથી પાંજરામાં કેદ રંગબેરંગી ૩૧ જેટલા પક્ષીઓને વન તંત્રએ નવી ઉડાન આપી મુક્ત કર્યા હતા જયારે પક્ષીઓનુ વેચાણ કરતા દહેગામના શખ્સ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાણી અત્યાચાર નિવારણ નિવારણ અધિનિયમ મુજબ પક્ષીઓને પાંજરામાં પુરી રાખવા અને તેનુ વેચાણ કરવુ તે ગેરકાયદેસર ગણાય છે. જયારે આવુ કૃત્ય કરનાર તત્વો સામે સજાપાત્ર ગુન્હો પણ નોંધાય છે. તેમછતા રાજયના પાટનગરમાં બિન અધિકૃત રીતે કેટલાક તત્વો પશુ પક્ષીઓનુ ગેરકાયદેસર વેચાણ કરે છે. આ બાબતે તાજેતરમાં મદદનીશ પશુ નિયામકે પોલીસને સુચન કર્યુ હતુ જેમાં સે-૨૧ નજીકના વિસ્તારમાં ચ-૫ થી પંચદેવ મંદિરની ફુટપાથ પર ગેરકાયદેસર રીતે પક્ષીઓનુ વેચાણ કરવામાં આવે છે. જયારે પોલીસે આ અંગે કોઈ કાર્યવાહી કરી નહીં પરંતુ પક્ષીઓનુ વેચાણ થતુ હોવાની બાતમી ગાંધીનગર વન વિભાગને મળતા બોરીજ રેન્જના ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઈ તેમજ સ્ટાફના સભ્યો સે-૨૧ ની ફુટપાથ પર પહોંચ્યા હતા. આ દરમિયાન પક્ષીઓનુ વેચાણ કરતા શખ્સોને દબોચી લીધા હતા. આ વેળાએ પક્ષીઓની જાતની તપાસ કરતા તે બજરીગર હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જે વન વિભાગની કોઈ કેટેગરીમાં આવતા નથી. જેથી નિયમ અનુસાર બે પાંજરામાં કેદ કરાયેલા રંગબેરંગી ૩૧ જેટલા પક્ષીઓને વન વિભાગે નવી ઉડાન આપી હતી. આ ઉપરાંત આવુ કૃત્ય ન થાય તે માટે બે પાંજરા પણ જપ્ત કરી લીધા

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લમાં ઠંડા પવનો સાથે હજુ ઠંડીનું જોર વધશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ૨૩મી ડિસેમ્બર સુધી પવનોનું જોર યથાવત રહેશે. બર્ફીલા પવનો ગાંધીનગરના જિલ્લાવાસીઓને ધ્રુજાવશે.

દાંતિવાડા-કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૪ માં હવામાનનું પૂર્વાનુમાન કરતાં જણાવાયુ છે કે આગામી પાંચ દિવસમાં આકાશ મોટાભાગે ચોખ્ખુ રહેશે. ૨૧મી ડિસેમ્બરે આકાશ વાદળછાયુ રહેશે પરંતુ વરસાદ પડવાની સંભાવના નથી. જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૨-૧૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૩ થી ૩૭ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશગતિ ૯ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ઠંડીનું પ્રમાણ વધવાની સંભાવના હોઈ શાકભાજીના પાકોમાં સાંજના સમયે હળવુ પિયત આપવુ. ઝાકળને કારણે આગોતરો ભૂકી છારોનો રોગ વેલાવાળા શાકભાજીના પાકોમાં આવવાની સંભાવના રહે છે તેના માટે ગ્રામસેવક સાથે પરામર્શમાં રહી પેરાગંધકની ભૂકી છાંટવી. દાડમ, આંબળા, જામફળ અને પપૈયાના તૈયાર પરિપક્વ ફળો ઉતારી લેવા પણ સલાહ આપવામાં આવી છે.

# જિલ્લામાં કોરોનાના કેસમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત્

**બીજા દિવસે પણ ૫૦થી ઓછા કેસ નોંધાયા : રિકવર થનાર દર્દીઓ વધ્યા : ગાંધીનગર તાલુકામાં ૧૫, દહેગામમાં ૧, કલોલમાં ૭, માણસામાં ૫ કેસ તો શહેરમાં સે. ૭ અને ૨૩ માં ૩-૩ કેસ સહિત ૧૮ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ આજે પણ યથાવત રહ્યો છે. સતત બીજે દિવસે જિલ્લામાં ૫૦ થી નીચે કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૮ કેસ તો શહેરમાં ૧૮ કેસ મળી ૪૬ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં તેમજ કલોલમાં કોરોના વકરી રહ્યો છે જ્યારે માણસા અને દહેગામમાં કોરોનાની ગતિ થોડીક ધીમી પડી છે. ગાંધીનગર તાલુકામાં આજે પણ ૧૫ કેસ નોંધાયા છે.

જિલ્લામાં જે ૨૮ કેસ નોંધાયા છે જેમાં ગાંધીનગરના ૧૫, કલોલના ૭ માણસાના ૫ અને દહેગામના ૧ કેસનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ટીનેજર્સના કેસો ઉપરાંત નવ મહિલા દર્દીના કેસ નોંધાયા છે. જિલ્લામાં આજે ૩ જેટલા દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં રિકવરી રેટ પણ છેલ્લા ત્રણ દિવસથી સુધરવા લાગ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં રિકવરી રેટ ૮૮ ટકા પર પહોંચ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીનું ભારણ ઘટ્યું છે ... આવ્યા છે. આ ઉપરાંત સઈજ, બાલવા, અર્બન-૧ અને અર્બન-૨ વિસ્તારમાંથી કેસ મળી આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે

૧૮ કેસમાં ૯ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી ૩ ને હોસ્પિટલમાં અને એક દર્દીને એસ.ટી.સી. કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવેલ છે.

વધવા પામ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં આજે રાંધેજા ગામેથી ૪ કેસ તેમજ કુડાસણમાંથી ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત વાસણા હડમતિયા, ચંદ્રાલા, સુઘડ, ઝુંડાલ, દંતાલી, સરગાસણ, મગોડી, મગોડી લાટ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં કડાદરા ગામેથી ૪૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાં અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળવા ઉપરાંત માણેકપુર તેમજ પ્રેમપુરા વેડા ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાં મોટી ભોંયણ ગામેથી ૩ કેસ મળી કે આજે વધુ ૫૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૪૧૨ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૯૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આજે ૧૧,૨૩૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેતાં તંત્રને રાહતની લાગણી અનુભવી છે. શહેરમાં આજે ૧૮ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા આજે જે કેસો નોંધાયા છે તેમાં આરોગ્યનો કર્મયોગી, એ.એસ.આઈ., સેનેટરી મુકાદમ, આઈસીઆઈસીઆઈ બેંકના ડે. મેનેજર, અન્ય બેંકનો ક્લાર્ક પણ સંક્રમિત થયો છે.

આજે સે. ૭ માંથી ૩, સે. ૨૩ માંથી ૩, સે. ૮ માંથી ૨ અને સે. ૨ માંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૨૨, ૩૦, ૫, ૨૬, ૧, ૨૫, ૪ અને સે. ૬ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો રહેતાં તંત્રને થોડીક રાહત છે. આજે પણ ૨૨૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ૨.૫ ટકા રિકવરી રેટ ૮૮ ટકાએ પહોંચ્યો

**ગ્રામીણ વિસ્તારમાં ૧.૫૪ લાખ લોકોના ટેસ્ટ કરાયા : શહેરમાં ૭૨ હજાર લોકોના ટેસ્ટ કરાયા : મોટીવયના લોકો અને મહિલા દર્દીઓની સંખ્યા તંત્રની ચિંતાનો મુદ્દો**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ચેપરેટમાં ૦.૫૦ ટકાનો ઘટાડો થયો છે. જિલ્લામાં હાલ ૨.૫ ટકા ચેપરેટ છે.

જિલ્લામાં દિવાળી પછી કોરોનાનો ચેપરેટ ૩ ટકાને પાર કરી ગયો હતો પરંતુ છેલ્લા એક સપ્તાહથી તેમાં ઘટાડો થયો છે. હાલ ચેપરેટ ૨.૫ ટકા જેટલો છે. આ ઘટાડાનો ટ્રેન્ડ હજુ ચાલુ રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

પ્રારંભમાં જિલ્લાનો ચેપરેટ ૧.૫૦ ટકા હતો જો કે આ પછી બે તબક્કે તેમાં વધારો થયો હતો.

જિલ્લામાં ચેપરેટ ઘટવાની સાથે રિકવરી રેટ પણ ૮૮ ટકા થવા પામ્યો છે. આ રિકવરી રેટ હજુ પણ શુધરશે તેવા સંકેતો વિભાગના સૂત્રોમાંથી મળી રહ્યા છે. જિલ્લામાં રિકવરીમાં પુરૂષોનો રેટ વધારે જોવા મળી રહ્યો છે.

કો.મોર્બિડ દર્દીઓના મોત વધુ થયા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાં ચેપરેટ અને રિકવરી રેટ લગભગ સમાન રહેવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧,૫૪,૪૮૩ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે શહેરમાં ૭૨ હજાર જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. મોટીવયના લોકો અને મહિલા દર્દીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાની ચિંતા તંત્રને સતાવી રહી છે.



ભાજપની તૈયારીઓ... - આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે જિલ્લા ભાજપના આગેવાનોની મહત્વની બેઠક સર્કિટ હાઉસ ખાતે યોજાઈ હતી. જેમાં પ્રદેશ ચુંટણી ઈન્ચાર્જ આઈ.કે. જાડેજા તથા જિલ્લાના ઈન્ચાર્જ હર્ષદભાઈ પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણી માટે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લા ભાજપનું માળખું રાજકીય ખેંચતાણને કારણે હજુ સુધી જાહેર કરાયું નથી.

SCHEDULE II
FORM B
Public Announcement
(Regulation 12 of the Insolvency and Bankruptcy (Liquidation Process) Regulations, 2016)
FOR THE ATTENTION OF THE STAKEHOLDERS OF
**DBS AFFORDABLE HOME STRATEGY LIMITED.**

Relevant Particulars

| | | |
|---|---|---|
| 1 | Name of corporate debtor | DBS Affordable Home Strategy Limited |
| 2 | Date of incorporation of corporate debtor | 07.07.2009 |
| 3 | Authority under which corporate debtor is incorporated / registered | Registrar of Companies, Gujarat |
| 4 | Corporate Identity Number of corporate debtor | U70101GJ2009PLC057477 |
| 5 | Address of the registered office and principal office (if any) of corporate debtor | Block No. 130, Adalaj Koba Highway Dist.: Gandhinagar, Gandhinagar GJ 382421IN |
| 6 | Date of closure of insolvency resolution process | 19.10.2020 |
| 7 | Liquidation commencement date of corporate debtor | 17.12.2020 Order Dated: 03.12.2020 Received by Liquidator on: 17.12.2020 |
| 8 | Name, Address, Mail Address, Telephone Number, The Registration Number of the Liquidator | Mr. Pinakin Surendra Shah A/201, Siddhi Vinayak Towers, B/h. DCP Office, Next to Kataria House, off S.G. Highway, Makaraba, Ahmedabad-380051, Gujarat. **Email:** pinakincs@yahoo.com **Ph.:** 079-48011366, 9227223377, IBBI/IPA-002/IP-N00106/2017-18/10248 |
| 9 | Last date for submission of claims | 19.01.2021 |

Notice is hereby given that the Hon'ble National Company Law Tribunal (Ahmedabad Bench) has ordered the commencement of liquidation of the DBS Affordable Home Strategy Limited on 03/12/2020under section 33 of the Code.
The stakeholders of DBS Affordable Home Strategy Limited are hereby called upon to submit a proof of their claims, on or before 19/01/2021, to the liquidator at the address mentioned against item 8.
The financial creditors shall submit their proof of claims by electronic means only. All other stakeholders may submit the proof of claims in person, by post or by electronic means.
Submission of false or misleading proofs of claim shall attract penalties.

**Date: 19.12.2020** Sd/-
**Place: Ahmedabad** **Mr. Pinakin Surendra Shah**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com